# બનાસકાંઠા જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરી (તા.૦૫/૦૯/૨૦૨૨ થી તા.૧૧/૦૯/૨૦૨૨ સુધી)

(૧)

તા.૦૫/૦૯/૨૦૨૨ કલાક ૨૩/૩૦ વાગે મોજે ચાંગા ગામની સીમમાં આ કામના આરોપીઓ (૧) જાકીરહુશેન ઇશાકભાઇ સીંધી ઉ.વ.૨૮ રહે.બસુ ,લેબલાપુરા તા.વડગામ તથા (૨) દેવજી કેશરજી જાતે-ઠાકોર ઉ.વ.૨૮ રહે.બસુ,લેબલાપુરા તા.વડગામ વાળાઓ એ એકબીજાના મેળાપીપણામાં પોતાના કબજા ભોગવટાની સ્વીફટ કાર નંબર GJ01RG2718 માં ગે.કા. તેમજ વગર પાસ-પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂની માર્કાની નાની-મોટી નંગ ૧૧૪ કુલ કિંમત રૂ.૬૪,૭૭૦/- નો ભરી હેરાફેરી કરતા મોબાઇલ નંગ-૨ કિ.રૂ.૧,૫૦૦/- તથા સ્વીફટ ગાડી કિં.રૂ.૨,૦૦,૦૦૦/- સાથે કુલ રૂ. ૨,૬૬,૨૭૦/- ના મુદ્દામાલ સાથે પકડાઇ જઇ તથા આરોપી જબ્બરસિંહ દરબાર રહે.રામનગર તા.દાંતીવાડા વાળાએ દારૂ આપી તથા આરોપી કિરણ ચૌધરી રહે.મગરવાડા તા.વડગામ વાળાએ આ દારૂ મંગાવી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ છાપી પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૦૯૨૨૦૪૨૪/૨૦૨૨ પ્રોહી કલમ ૬૫(એ)(ઇ),૧૧૬(બી), ૯૮(૨),૮૧ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૨)

તા.૦૬/૦૯/૨૦૨૨ ના કલાક-૦૧/૨૦ થી કલાક ૧૦/૩૦ દરમ્યાન મોજે"બનાસકાંઠા (પાલનપુર) જીલ્લાના અમીરગઢ તાલુકાના જુની રોહ ગામથી ડાભેલા તરફ જવાના રસ્તામા આવેલ પુલ ઉપર. જેના Lat. 24.421362, Long. 72.646635 છે આ કામે સદરહું ભારતીય બનાવટના વિદેશી દારૂ ભરેલ પકડાયેલ મારુતિ સુઝુકી બ્રેજા ગાડીના ડ્રાઈવર (૧) ભંવરસિંહ ભીમસિંહ રાજપુત ઉ.વ.૪૫ ધંધો મજુરી રહે. અદવાસ ગામ તા.સરડા જી.ઉદેપુર રા. રાજસ્થાન તથા ક્લીનર (૨) અરવીંદસિંહ ઉધમસિંહ ડાભી ઉ.વ.૨૨ ધંધો મજુરી રહે.વાસડા ગામ નદી પાસે તા.આબુરોડ જી.શિરોહી રા.રાજસ્થાનવાળા (આરોપી નં. ૧ તથા ૨ દારૂ ભરેલી ગાડીમા ડ્રાઇવર તથા કલીનર તરીકેના મજુર માણસો) તથા પાયલોટીંગ કરતી મારુતી સુઝુકી બ્રેજાના ડ્રાઇવર (૩) જસપાલસિંહ જબરસિંહ ડાભી ઉ.વ.૨૪ ધંધો મજુરી રહે.વાસડા ગામ તા.આબુરોડ જી.શિરોહી રા.રાજસ્થાનવાળા (વિદેશી દારુની હેરફેર કરનાર મુખ્ય આરોપી) તથા (૪) આકાશસિંહ બાબુસિંહ ડાભી ઉ.વ.૨૦ ધંધો મજુરી રહે. વાસડા ગામ તા.આબુરોડ જી.શિરોહી રા. રાજસ્થાન તથા (૫) દુર્જનસિંહ પદમસિંહ સીસોદીયા ઉ.વ.૩૪ ધંધો મજુરી રહે. અદવાસ ગામ તા.સરાડા જી.ઉદેપુર રા. રાજસ્થાન (આરોપી નં. ૪ તથા ૫ આરોપી ન. ૦૩ની સાથે દારુ ભરેલી ગાડીને પાયલોટીંગ આપનાર મજુર) તથા (૬) અશોક મારવાડી રહે.ગીરવર તા.આબુરોડ જી.શીરોહી રા.રાજસ્થાન તથા (૭) દીક્ષા રહે.સ્વરૂપગંજ ગામ તા.પીંડવાડા જી.શીરોહી રા.રાજસ્થાન (આરોપી નં. ૬ તથા ૭ રાજેસ્થાનમા આવેલ પોતાના વિદેશી દારુના ગોદામમાથી ગે.કા. દારૂનો જથ્થો આપનાર) (૮) ગોવીંદસિંહ નામના માણસ રહે. સિધ્ધપુર જી. પાટણ (વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર) ઉપરોકત તમામ આરોપીએ ગેરકાયદેસર રીતે પાસપરમીટ વગર ભારતીય બનાવટનો વિદેશી દારુ/બીયરનો જથ્થો નંગ.૩૮૮ કિ. ૧.૯૦.૮૨૦/- કુલ મુદ્દામાલ રૂપિયા ૧૨.૨૧.૧૨૦/-ભરી લાવી, વાહનમાં વહન કરી,કરાવડાવી, દારૂનો જથ્થો મંગાવી, દારૂનો જથ્થો આપી એકબીજાને મદદગારી કરી તમામે ગુનાહિત કૃત્ય કરેલ હોઇ મારી પકડાયેલ આરોપી તથા દારૂનો જથ્થો મોકલનાર-મંગાવનાર તથા આરોપી નં. ૦૩ પોતાની મારુતિ સુઝુકી બ્રેજા ગાડીમાટે રજી. નંબર જી.જે. ૨૭ બી.ઇ. ૯૬૯૫ વાળી ખોટી નંબર પ્લેટ ઠગાઇ કરવાના હેતુથી બનાવડાવી, લગાડી, તેનો ખરી નંબર પ્લેટ તરીકે ઉપયોગ કરી મળી આવી ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ અમીરગઢ પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૦૩૨૨૦૩૮૩/૨૨ ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ તથા ગુજરાત નશાબંધી સુધારા અધિનિયમ-૨૦૧૬ ની કલમ-૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) તથા ઇ.પી.કો. કલમ-૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૩)

તા.૦૬/૦૯/૨૦૨૨ ના કલાક.૧૪/૩૦ થી તા.૦૭/૦૯/૨૦૨૨ ના કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન મોજે બનાસકાંઠા જીલ્લાના ભાભર ખાતે ભાભર-રાધનપુર હાઈવે ઉપર મામલતદાર ઓફીસથી થોડે આગળ ગૌચરની ખુલ્લી અવાવરૂ જગ્યામાં આ કામે (૧)મુકેશભાઇ દેવજીભાઇ રાજપૂત, ઉ.વ.૨૨, રહે-ચારડા ગામ, રાજપુત વાસ, તા.થરાદ, જી.બનાસકાંઠા (૨) રામભાઇ ખિલેરી બિશ્નોઈ રહે-ગામ અચલપુર તા.સાંચોર જી.ઝાલોર (રાજસ્થાન) મો.નં.+૯૯૪૪૦૦૮૫૭૮૫૦ (૩) મુન્નો રહે.ભાભર મો.નં-૮૨૦૦૭૫૧૪૦૦ તહો.નં.૧ નાએ ભાભર મામલતદાર ઓફીસની આગળ આવેલ ગૌચર ખુલ્લી અવાવરૂ જગ્યામા મહિન્દ્રા સ્કોર્પિયો ગાડી નં- GJ-16-AP-1016 માથી વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી બોટલો કુલ નંગ-૩,૭૧૮ કુલ કિ.રૂ.૪,૭૦,૮૦૦/- નો તથા અંગઝડતીમાંથી મળેલ નાણાં રૂ.૧,૫૧૦/-,મોબાઇલ ફોન નંગ-૦૨, કી.રૂ. ૧૦,૦૦૦/-, વાહન-૦૧,કી.રૂ. ૫,૦૦,૦૦૦/- મળી કુલ્લે કી.રૂ. ૯,૮૨,૩૧૦/- ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જઈ દારૂનો જથ્થો તહો.નં.૨ ની પાસેથી ભરી લાવી દારૂના જથ્થાનું કટીંગ કરાવનાર તહો.નં.૩ ની સાથે મળી ગુનો કરવામાં એક્બીજાની મદદગારી કરી વાહનમા હેરફેર કરી કાવતરૂ રચી ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ ભાભર પોલીસ સ્ટેશન, પાર્ટ C ગુ.ર.નં.- ૧૧૧૯૫૦૦૭૨૨૦૬૩૩/૨૦૨૨, ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ તથા ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ-૨૦૧૬ ની કલમ ૬૫(એ,ઇ), ૮૧, ૮૩, ૯૮(૨) ૧૧૬(બી) મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.